GJGS020011652012

દાખલ તારીખઃ–૨૭/૦૭/૨૦૧૨
રજીસ્ટર તારીખઃ–૨૭/૦૭/૨૦૧૨
ફેસલ તારીખઃ–૨૧/૦૭/૨૦૨૬
સમયગાળોઃ–**વર્ષ, માસ, દિવસ**
**૧૩–૧૧–૨૪**

सत्यमेव जयते

---

**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ**

---

**ફોજદારી કેસ નં.૯૩૩/૨૦૧૨**
**આંક–૧૬૦**

---

## FORM-A

| એફ. આઈ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | વેરાવળ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર I ૨૭/૨૦૧૨. |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબ. |
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **વિ. એ. પી. પી. શ્રી** | શ્રી જે.એસ.પરમાર |
| **આરોપીઓ** | **(૧) પૃથ્વીસીંગ ભુરાભાઈ**<br>**(આંક–૧ તળે તા.૨૦/૫/૨૦૨૩ ના રોજ થયેલ હુકમ મુજબ એબેટ)**<br>**(૨) સચિન ઉર્ફે લખન રાજેશભાઈ ભોગેકર, ઉ.વ.૨૩,**<br>રહે. કુબેરનગર છારાનગર પાણીની ટાંકી પાસેની કોલોની, અમદાવાદ. |

| | |
|---|---|
| | (૩) વીંરસીંગભાઈ જોરીયાભાઈ ભોગેકર (આંક–૧૫૯ વોરંટ આધારે એબેટ) |
| **આરોપી તરફે** | વિ. વ. શ્રી એસ.આઈ.સીડા |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૧૨/૦૪/૨૦૧૨ કલાક ૧૨.૪૫ |
| **ફરીયાદની તારીખ** | ૧૨/૦૪/૨૦૧૨ |
| **ચાર્જશીટની તારીખ** | ૨૫/૦૭/૨૦૧૨ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૧૫/૦૪/૨૦૧૪ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૧૫/૦૪/૨૦૧૪ |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૧૬/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૨૧/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | – |

**–આરોપીની વિગત–**

**આરોપીની વિગતઃ–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવા માં આવ્યા કે કસુર વાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૨ | સચિન ઉર્ફે લખન રાજેશભાઈ ભોગેકર | ૦૭/૦૬/૧૨ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૩૫૬, ૧૧૪ | નિર્દોષ | – | – |

**FORM–C**

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે મૌખિક પુરાવા :–**

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | ફરિયાદ પક્ષ મુજબ સાહેદ |
|---|---|---|---|
| ૧ | ૩૯ | અલ્તાફભાઈ રહેમાનભાઈ સેલત | પંચસાહેદ |
| ૨ | ૯૨ | પ્રફુલ્લભાઈ કાનજીભાઈ વાઘેલા | પંચસાહેદ |
| ૩ | ૯૪ | નુરમહંમદભાઈ અલીભાઈ મલંગ | પંચસાહેદ |
| ૪ | ૯૫ | નરોતમભાઈ ભગવાનદાસ લશ્કરી | પંચસાહેદ |
| ૫ | ૯૭ | ભરતભાઈ પુંજાભાઈ કટારીયા | પંચસાહેદ |
| ૬ | ૧૦૧ | દીનેશભાઈ દામોદરભાઈ માણેક | સાહેદ |
| ૭ | ૧૦૨ | અશ્વિનભાઈ નારણભાઈ ખારવા | સાહેદ |
| ૮ | ૧૦૩ | પ્રદીપભાઈ ડાયાલાલ શાહ | સાહેદ |
| ૯ | ૧૦૪ | રવિભાઈ રામભાઈ મોરી | સાહેદ |
| ૧૦ | ૧૦૫ | જીતેન્દ્રભાઈ હીરાભાઈ ચુડાસમા | સાહેદ |
| ૧૧ | ૧૦૬ | અતુલભાઈ પ્રભુદાસ ફોફંડી | સાહેદ |
| ૧૨ | ૧૦૭ | મુકેશભાઈ ગોવીંદજી ચોલેરા | સાહેદ |
| ૧૩ | ૧૧૦ | વજુભાઈ વીરાભાઈ મોરી | સાહેદ |
| ૧૪ | ૧૧૧ | જેઠાભાઈ રૂડાભાઈ મકવાણા | સાહેદ |
| ૧૫ | ૧૧૩ | મુકેશસિંહ જગરૂપસિંહ ચૌહાણ | સાહેદ |
| ૧૬ | ૧૧૫ | કીરીટસિંહ ભવાનસિંહ પરમાર | સાહેદ |
| ૧૭ | ૧૧૬ | અરવિંદસિંહ શંકરસિંહ વાઘેલા | સાહેદ |
| ૧૮ | ૧૧૭ | કરણસિંહ જુજારસિંહ રહેવર | સાહેદ |
| ૧૯ | ૧૧૮ | પ્રવિણસિંહ વિસલસિંહ વાઘેલા | સાહેદ |
| ૨૦ | ૧૨૨ | પરષોતમભાઈ વશરામભાઈ વિસાવડીયા | સાહેદ |
| ૨૧ | ૧૨૪ | પ્રદિપસિંહ હરીસિંહ રાયજાદા | સાહેદ |
| ૨૨ | ૧૩૩ | ભરતભાઈ ભાણાભાઈ કોળી | તપાસ કરનાર અમલદાર |
| ૨૩ | ૧૩૯ | ઓઘડભાઈ રામભાઈ ઝાલા | ફરિયાદી |
| ૨૪ | ૧૪૩ | સાહીલ રમેશચંદ્ર ટંડેલ | તપાસ કરનાર અમલદાર |

(બી) **બચાવપક્ષે સાહેદ જો હોય તો :–**

| સાહેદ | સાહેદનુ નામ | કયા પ્રકારનો | આંક |
|---|---|---|---|

| નંબર | | સાહેદ/પુરાવો | |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) કોર્ટ સાહેદ જો હોય તો :–

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા**

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૪૦ | ચીજ વસ્તુ કબ્જે કર્યા અંગેનું પંચનામું. |
| ૨ | ૯૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |
| ૩ | ૯૬ | ઓળખ પરેડનું પંચનામું. |
| ૪ | ૧૧૪ | પંચનામું. |
| ૫ | ૧૨૫ | સી.ડી. |
| ૬ | ૧૩૪ | અસલ ફરિયાદ. |
| ૭ | ૧૪૪ | તપાસનો હુકમ. |
| ૮ | ૧૪૫ | એફ.આઈ.આર. |
| ૯ | ૧૪૬,૧૫૦ | પંચનામા. |
| ૧૦ | ૧૪૭ | એફ.એસ.એલ.વાનનો બનાવવાળી જગ્યાએ કરેલ પ્રાથમિક અહેવાલ. |
| ૧૧ | ૧૪૮ | ક્રાઈમ સીન વીઝીટેશન રીપોર્ટ. |
| ૧૨ | ૧૪૯ | ડી.વી.ડી. એફ.એસ.એલ. ગાંધીનગર મોકલેલ તેની અસલ યાદી. |
| ૧૩ | ૧૫૧ | અસલ ડી.વી.ડી. |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો**

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ. નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧. | એક સીડી કેસેટ કવરમાં શીલબંધ છે તે. |
| ૨. | એક સીડી કેસેટ એક પ્લાસ્ટીકના કવરમાં DVDR લખેલ છે. |
| ૩. | ૫૦૦ દરની નોટો નંગ–૧૦૦ નું એક બંડલ એવા છ બંડલ જે તમામ ઉપર રબર નીચે HDFC બેંક વી અંડરસ્ટેન્ડ યોર વર્લ્ડ 12–એપ્રીલ ૨૦૧૨ લખેલ છે જે એક બંડલ ૫૦,૦૦૦/– લેખે ૬–બંડલના કુલે રૂ.૩,૦૦,૦૦૦/– ગણાય તે. |
| ૪. | પ્લાસ્ટીકની થેલી ઉપર પી.એમ.માસ્ટે ટ્રેલર કુબેરનગર બંગલા એરીયા લખેલ છે. |
| ૫. | એક પલ્સર મો.સા. કાળા કલરનું જેની આગળ પાછળ RTO No GJ–27–E–2751 જેનો એ.નં.DHGB–UJ–30263 તથા ચે.નં.MJ–2 BHDH 2200 CJ–૬૦૩૫૩ જેવો વંચાય છે જેની કિ.રૂ.૬૦૦૦૦/– જણાય તે. |

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) ફરિયાદ મુજબ સંક્ષિપ્તમાં ગુનો એવો છે કે, આ કામના ફરિયાદીશ્રી ઓઘડભાઈ રામભાઈ ઝાલા તા.૧૨/૦૪/૨૦૧૨ નાં રોજ કલાક ૧૨/૩૦ વાગ્યાનાં અરસામાં વેરાવળ એચ.ડી.એફ.સી. બેન્કમાંથી રૂપિયા ૪,૦૦,૦૦૦/– રોકડા ઉપાડેલ જેમાં રૂ.૫૦૦ ના દરની નોટનાં ૧૦૦–૧૦૦ નાં બંડલ નં.૧૦ એક કવરમાં મુકી વેરાવળ એચ.ડી.એફ.સી. બેન્કથી નીકળી લાયબ્રેરી રોડ પર આવેલ હરસીધ્ધી ડેરી ફાર્મમાં ઠંડુ પીણું પીવા માટે પોતાના સ્પ્લેન્ડર પ્લસ મો.સા. નં.GJ 11 QQ 5703 નું લઈ ગયેલ અને ત્યાંથી ઠંડુ પીણું પી કલાક ૧૨/૪૫ વાગ્યે સુત્રાપાડા જવા માટે મોટર સાયકલ પર બેસી રૂ.૫,૦૦,૦૦૦/– નું રૂપિયા ભરેલ કવર

પોતાના ખોળામાં મુકી મોટર સાયકલ ચાલુ કરવા માટે કીક મારતા હતા ત્યારે પાછળથી એક કાળા કલરનું મોટર સાયકલ આવેલ અને તેમાં પાછળ બેઠેલ ઈસમ ફરિયાદીનાં ખોળામાં રહેલ રૂપિયા પાંચ લાખ ભરેલ કવરને ખેચવા જતા ફરિયાદીએ કવરને પકડેલ હોય જેથી ફરિયાદી–આરોપી વચ્ચે ખેચાખેચ થયેલ જેમાં કવર ફાટી ગયેલ અને તેમાંથી રૂ.૨,૦૦,૦૦૦/– નીચે પડી ગયેલ અને બાકીના રૂ.૩,૦૦,૦૦૦/– કવર સાથે ઝુટવી ચોરી કરી લઈ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબનો ગુન્હો વેરાવળ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર I ૨૭/૨૦૧૨ થી નોંધવામાં આવેલ છે.

(૨) આરોપીઓને સમન્સ કાઢતાં, તેઓ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામેના ગુનાનું તહોમતનામું આંક–૦૯ થી ફરમાવી આંક–૧૦ થી ૧૨ સુધી નિવેદન નોંધતા તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદન–ફર્ધર સ્ટેટમેન્ટ (સી.આર.પી.સી.કલમ–૩૧૩):</u>–**

(૩) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો હોય આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ અને તેમાં ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂમાં લેવામાં આવેલ હોવાનું જણાવી અને તે સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે અગર તો જાણતા નથી તેમ જણાવેલ છે. અને વિશેષમાં જણાવેલ છે કે, ''અમો તદ્દન નિર્દોષ છીએ, અમોએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, પોલીસ દ્રારા ખોટી રીતે આ ગુનાનાં કામે આરોપી તરીકે જોડેલ છે. નિર્દોષ ઠરાવી સદર કેસમાંથી છોડી મુકવા અરજ છે."

**<u>ફરિયાદપક્ષે દલીલ સંક્ષિપ્તમાંઃ–</u>**

(૪) એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપી પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ ત્રણ લાખ રૂપિયા કબ્જે થયેલ છે તે અંગે પોલીસ સાહેદે સ્પષ્ટ પુરાવા રજુ કરેલ છે. આરોપીને ફરિયાદીએ મેજીસ્ટ્રેટ રૂબરૂના પંચનામા મુજબ ઓળખી બતાવેલ છે અને પોતાના મૌખિક પુરાવામાં પણ ઓળખી શકે તેવી હકીકત જાહેર કરેલ છે. આવી રીતે આરોપીની પ્રત્યક્ષ સંડોવણી પુરવાર થતી હોય દોષિત ઠરાવી યોગ્ય સજા કરવા વિનંતી કરી છે.

**<u>આરોપીપક્ષે દલીલ સંક્ષિપ્તમાંઃ–</u>**

(૫) આરોપીપક્ષે દલીલ કરી છે કે, ફરિયાદમાં આરોપીને ઓળખતા હોય તેવી કોઈ વિગત નોંધી નથી, કેસ ડાયરીમાં પણ તેવી વિગત નોંધી નથી તેમ છતા રીમાન્ડ મેળવ્યા બાદ છેલ્લા દિવસે ઓળખ પરેડ કરાવેલ તેમાં ફરિયાદીએ આરોપીને ઓળખેલ તેવી ખોટી હકીકત વાળું પંચનામું ઉભું કરેલ છે કારણ કે પંચોએ પંચનામાની હકીકત ઈન્કારેલ છે, ફરિયાદીએ માત્ર એક આરોપીને ઓળખી બતાવેલ તેવી હકીકત જણાવેલ છે અને તે પણ સો ટકા ખાતરી નથી. આરોપી પૃથ્વીસિંગ અને હાલના આરોપીને સાંકળતો કોઈ પુરાવો રજુ નથી આમ શંકાસ્પદ તપાસ હોય અને તેના આધારે શંકાસ્પદ પુરાવો હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૬) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

- **મુદ્દા નં. ૧**–શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના ફરિયાદીશ્રી ઓઘડભાઈ રામભાઈ ઝાલા તા.૧૨/૦૪/૨૦૧૨ નાં રોજ કલાક ૧૨/૩૦ વાગ્યાનાં અરસામાં વેરાવળ એચ.ડી.એફ.સી. બેન્કમાંથી રૂપિયા ૪,૦૦,૦૦૦/– રોકડા ઉપાડેલ જેમાં રૂ.૫૦૦ ના દરની નોટનાં ૧૦૦–૧૦૦ નાં બંડલ નં.૧૦ એક કવરમાં મુકી વેરાવળ

એચ.ડી.એફ.સી. બેન્કથી નીકળી લાયબ્રેરી રોડ પર આવેલ હરસીધ્ધી ડેરી ફાર્મમાં ઠંડુ પીણું પીવા માટે પોતાના સ્પ્લેન્ડર પ્લસ મો.સા. નં.GJ 11 QQ 5703 નું લઈ ગયેલ અને ત્યાંથી ઠંડુ પીણું પી કલાક ૧૨/૪૫ વાગ્યે સુત્રાપાડા જવા માટે મોટર સાયકલ પર બેસી રૂ.૫,૦૦,૦૦૦/– નું રૂપિયા ભરેલ કવર પોતાના ખોળામાં મુકી મોટર સાયકલ ચાલુ કરવા માટે કીક મારતા હતા ત્યારે પાછળથી એક કાળા કલરનું મોટર સાયકલ આવેલ અને તેમાં પાછળ બેઠેલ ઈસમ ફરિયાદીનાં ખોળામાં રહેલ રૂપિયા પાંચ લાખ ભરેલ કવરને ખેચવા જતા ફરિયાદીએ કવરને પકડેલ હોય જેથી ફરિયાદી–આરોપી વચ્ચે ખેચાખેચ થયેલ જેમાં કવર ફાટી ગયેલ અને તેમાંથી રૂ.૨,૦૦,૦૦૦/– નીચે પડી ગયેલ અને બાકીના રૂ.૩,૦૦,૦૦૦/– કવર સાથે ઝુટવી ચોરી કરી લઈ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

- **મુદ્દા નં. ૨**–શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

- મુદ્દા નં. ૧ **નકારમાં**
- મુદ્દા નં. ૨ **આખરી હુકમ મુજબ.**

**–:: કા ર ણો ::–**

**ચોરી કરનાર આરોપીઓની ઓળખઃ–**

(૮) ઈન્વેસ્ટીગેશન મુજબ ફરિયાદી આરોપીઓને ઓળખી શકે તેવું નિવેદન ફરિયાદ કરી તે જ દિવસે અલગથી આપેલું. ફરિયાદમાં આરોપીઓના કદ, કલર, વાળ અંગેની વિગત એફ.આઈ.આર.માં જણાવેલી છે. જયારે આરોપીઓને ઓળખી શકે કે નહી તેનું નિવેદન અલગથી તે જ દિવસે અલગ હસ્તાક્ષરમાં કયા કારણથી લીધેલ તેનો કોઈ ખુલાસો તપાસ કરનાર અધિકારીએ પોતાના પુરાવામાં કરેલ

નથી. આ સરપ્રાઈઝીંગ બાબત એટલા માટે છે કે કેસના રેકર્ડમાં કેસ ડાયરીની નકલ સામેલ છે તે વંચાણે લેતા તેમાં ફરિયાદના દિવસે આવી રીતે આરોપીઓની ઓળખ છતી થાય, ફરિયાદી ઓળખી શકે તેવું નિવેદન લીધું હોય તેવી કોઈ નોંધ નથી. જયારે બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલું તેની નોંધ આ કેસ ડાયરીમાં છે.

ફરિયાદીની ત્રણ લાખની રકમની ચોરી કરેલી તે અંગેનો પુરાવો ફરિયાદીનો પોતાનો રજુ છે અને તે સિવાય આરોપીની ઓળખનો બીજો કોઈ પુરાવો નથી. આંક–૧૩૯ થી ફરિયાદી ઓઘડભાઈનો પુરાવો રજુ છે અને તેમાં આરોપીની ઓળખ વિશે તેઓએ મામલતદાર ઓફીસે ઓળખ પરેડમાં તેઓએ પલ્સર ગાડીમાં પાછળ બેસેલ ઈસમને ઓળખી ગયેલ તેવી હકીકત જણાવેલી છે. જયારે તે ઓળખ પરેડનું પંચનામું આંક–૯૬ વાળું વંચાણે લેતા તેમાં બંન્ને આરોપીને ફરિયાદીએ ઓળખી બતાવેલ તેવી નોંધ છે પરંતુ તેમાં આરોપી પાછળ બેસેલ હતો તે કોણ હતો અને બાઈક ચલાવનાર કોણ હતો તેની કોઈ વિગત લખી નથી. જયારે આગળ ફરિયાદી જણાવે છે કે જો આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો તેઓ નવ્વાણું ટકા ઓળખી શકે. આ ઓળખ પરેડનું પંચનામું કરનાર મેજીસ્ટ્રેટનો મૌખિક પુરાવો રજુ નથી, ઓળખ પરેડના બંન્નેય પંચ નરોતમભાઈ (આંક–૯૫) અને ભરતભાઈ (આંક–૯૭) વાળા હોસ્ટાઈલ થયા છે, પંચનામાની વિગતો વિશે જાણતા હોવાની ઈન્કારી કરી પોલીસના કહેવાથી પંચનામામાં સહી કરેલી તેવી હકીકત જાહેર કરી છે. આમ, જયારે હાલના કેસમાં કોણે ચોરી કરેલી તે કહેવાતા આરોપીઓ સચિન અને વીરસિંગને ફરિયાદી ઓઘડભાઈએ અથવા તો અન્ય કોઈ સાહેદોએ ચોરી કરી તે ઈસમો તરીકે ઓળખી બતાવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ નથી. આમ, જયારે આ બંન્ને આરોપીઓની ઓળખ અંગેનો પુરાવો હોય નહી અને

પ્રોસીકયુશનના કેસ મુજબ તપાસ થઈ હોવા છતા પુરાવો શંકાસ્પદ હોય આરોપીની ઓળખ પુરવાર થતી નથી.

મુદ્દામાલ ત્રીજા આરોપી પૃથ્વીસિગ પાસેથી તેના ઘરેથી અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા કબ્જે થયેલ. આવી રેડ કરવા માટે, ઘર સર્ચ કરવા માટે જરૂરી વોરંટ હતું, સત્તા હતી તે અંગે ફરિયાદી તરફથી કોઈ પુરાવા રજુ નથી. રૂપિયા ત્રણ લાખ રોકડા કહેવાતા આરોપી પૃથ્વીસિંગ પાસેથી કબ્જે થયા છે. પરંતુ આ ત્રણ લાખ રૂપિયા ફરિયાદીના ચોરી થયેલા તે જ છે તેવો કોઈ પુરાવો રજુ નથી. કહેવાતા ચોરી કરનાર આરોપીઓ સચિન તથા વીરસિંગે આરોપી પૃથ્વીસિંગને આ કહેવાતી ચોરી વાળી ત્રણ લાખ રૂપિયાની રકમ આપેલી તેને સાંકળતો કોઈ પુરાવો રજુ નથી. આવી રીતે પુરાવાના સાંકળની ચેન તુટી જાય છે. હા, સાહેદ જીતેન્દ્રભાઈ, મુકેશભાઈ અને જેઠાભાઈએ (આંક–૧૦૫, ૧૦૭, ૧૧૧) વાળા મૌખિક પુરાવામાં ફરિયાદી બેન્કમાંથી રકમ ઉપાડી ગયેલા (આંક–૧૦૫), તે રકમ લઈ જવા માટે ફરિયાદીને કવર આપેલું (આંક–૧૧૧) અને ફરિયાદી પાસેથી આ કવરની ખેચતાણથી ચોરી થયેલી (આંક–૧૦૭) તે હકીકત અંગે સ્પષ્ટ પુરાવો છે. પરંતુ આ ચોરી આરોપીઓ સચિન અને વીરસિંગે કરેલી તે માટેનો કોઈ પુરાવો નથી. મુકેશસિંહએ પોતાના આંક–૧૧૩ વાળા પુરાવામાં આરોપી પૃથ્વીસિંગ પાસેથી તેના ઘરેથી ત્રણ લાખ રૂપિયા રોકડા કબ્જે લીધેલા તે હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે અને તેની સાથે અન્ય પોલીસ સાહેદો અરવિંદસિંહ (આંક–૧૧૬), કરણસિંહ (આંક–૧૧૭), પ્રવિણસિંહ (આંક–૧૧૮) થી સમર્થન આપેલ છે. પરંતુ તેના પછી પૃથ્વીસિંગ પાસે આ ત્રણ લાખ આ ચોરીના જ આવેલા તે હકીકત અંગેનો કોઈ પુરાવો નથી. આમ, આવી રીતે આરોપી સચિને ફરિયાદી ઓઘડભાઈ પાસેથી ચોરી કરેલી તે ઈસમ જ હતો તે અંગેની ઓળખનો કોઈ પુરાવો રજુ નહી હોય, રોકડ રકમ

પૃથ્વીસિંગ પાસેથી કબ્જે થઈ પરંતુ પૃથ્વીસિંગ અને આરોપી સચિનને એકબીજા સાથે સાંકળતો કોઈ પુરાવો રજુ નહી હોય પ્રોસીકયુશન પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નંબર–૧ અંગે જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ અંગે નીચે મુજબનો આખરી આદેશ પસાર કરવામાં આવે છે.

**<u>–:: આખરી આદેશ::–</u>**

(૧) આ કામના **આરોપી નંબર (૨) સચિન ઉર્ફે લખન રાજેશભાઈ ભોગેકર, રહે.કુબેરનગર છારાનગર પાણીની ટાંકી પાસેની કોલોની, અમદાવાદ** વાળાને ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ– ૨૪૮(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. અને આરોપી વીરસિંગને આંક–૧૫૯ લગત પકડ વોરંટના શેરા અને મરણના દાખલાની ઝેરોક્ષ આધારે તેના વિરૂધ્ધનો કેસ આથી એબેટ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો તથા કિંમતી મુદ્દામાલનો અગાઉ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવો અન્યથા અપીલ સમય બાદ માલીકીની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ક્રિ.પ્રો.કોડની

કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂા.૧૦,૦૦૦/– ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ ૨૧મી, જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૨૧/૦૭/૨૦૨૬
વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)